અપીલ અરજી નં.૧ તા.૨–૪ –૧૧–૧૨
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રમજીભાઈ કંટારીયાની તા.૩૧–૩–૧૧ની અરજીથી (૧) નોંધ નં.૧૨/૨૧૬૮ (૧૨/૨૩૬૭) મિલ્કતને જાહેર રસ્તાનું રોકાણ કરી ગેરકાયદેસર તોડવા અંગેની માહિતીની મંજુરીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧/૨૦૧૧–૧૨.

શ્રી વિનોદ પ્રમજીભાઈ કંટારીયાની તા.૩૧–૩–૧૧ની અરજીથી (૧) નોંધ નં.૧૨/૨૧૬૮ (૧૨/૨૩૬૭) મિલ્કતને જાહેર રસ્તાનું રોકાણ કરી ગેરકાયદેસર તોડવા અંગેની માહિતીની મંજુરીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ૧૨ કલાકમાં માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારના અપીલમાંના દાવાનુસાર માંગેલ માહિતી તેઓના તારણ અનુસાર ૪૮ કલાક કક્ષામાં વ્યકિતના જીવન અને સ્વાતંત્રયને લગતી છે કે કેમ? તે અંગે પણ હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪ તા.૭–૪–૧૧ થી ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કલમ–૭(૧) હેઠળ જીવન અને સ્વાતંત્રયના કિસ્સો ૪૮ કલાકમાં આવે તે કક્ષામાં હોવાના દાવા અંગે આધારો રજૂ કરવા તથા ૧૨ કલાકમાં માહિતી આપવાની માંગણી અંગે કાનૂની આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આવી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૯–૪–૧૧ ના રોજ પાઠવેલ પત્રમાં રજૂઆત કરેલ પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૩૧–૩–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧ ) નોંધ નં.૧૨/૨૧૬૮ (૧૨/૨૩૬૭) મિલ્કતને જાહેર રસ્તાનું રોકાણ કરી ગેરકાયદેસર તોડવા અંગેની માહિતીની મંજુરીની નકલ . (૨) સદર મિલ્કતના રીપેરીંગ અંગેની મંજુરીની માહિતી સંપૂર્ણ પેપર સહિતની ડોકયુમેન્ટ સહિતની માહિતીની નકલ. (૩) સદર મિલ્કતને સવારે ચાલુ માર્કેટ એ પબ્લીકની અવર જવર વચ્ચે તોડવાનું કામ ચાલુ હોય કોઈને ઈજા કે હાનિ પહોંચે તેની સઘળી જવાબદારી સુમપાના ઝોનલચીફની રહેશે. તેવી માંગણી કરતી અરજી ઝોનલચીફ સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ છે. તેમાં અરજદારે માહિતીના સમયગાળમા ફકત ૧૨ કલાક અંતર અરજન્ટ કાર્યવાહી તાત્કાલીક યુધ્ધના ધોરણે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે તા.૨–૪–૧૧ ના રોજ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી ૧૨ કલાકમાં માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી પક્ષકારોને તેમનો પક્ષ રજૂ કરવા અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪ તા.૭–૪–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે ૧૨ કલાકની માહિતીની માંગણી અંગે આરટીઆઈ કાયદામાં ૧૨ કલાકમો માહિતી પૂરી પાડવાની કોઈ જોગવાઈ નથી જે અંગે અરજદારને સંદર્ભ અન્વયે અપીલ અરજીમાં કલમ–૭(૧) હેઠળ જીવન અને સ્વાતંત્રયના કિસ્સો ૪૮ કલાકમાં આવે તે કક્ષામાં હોવાના દાવા અંગે આધારો રજૂ કરવા તથા ૧૨ કલાકની માહિતી આપવાની માંગણી આપવાનો કાનૂની આધાર હોય તો તે રજૂ કરવા જણાવવામાં આવેલ છે. સંદર્ભે અરજદારે તા.૧૯–૪–૧૧ ના પત્રથી સદર મિલ્કત હયાત મૌજુદ હોઈ અમો અરજદાર આ આધાર પુરાવા ઉંચકીને આપની કચેરીએ રજૂ કરી શકીએ તેવી તાકાત કે મશીનરી અમારી પાસે નથી તથા તે રજૂ કરવા વ્હીકલ ડમ્પર તથા માણસોની વ્યવસ્થા કરવા અપીલ અધિકારીને જણાવેલ છે. આમ અરજદારે તેમના પક્ષ તરફે આધારભુત વિગતો રજૂ કરવાની જગ્યાએ તદ્દન અસંગત, બુધ્ધિગમ્યતાથી વિપરીત પ્રત્યુત્તર પાઠવી સ્થળ ઉપર વ્હીકલ, ડમ્પર, માણસોની વ્યવસ્થા સાથે જઈ નિરીક્ષણ કરવા જણાવતો પત્ર પાઠવેલ છે. અરજદારનો પ્રત્યુત્તર જોતાં નાગરીક તરીકેની બંધારણીય ફરજો કે અરજદાર તરીકેના ઔચિત્ય વિરુધ્ધ અભિગમ દાખવેલ છે. તેટલું જ નહીં પરંતુ અરજદાર તેમના દાવાના સમર્થનમાં આધાર રજૂ કરવામાં સફળ રહેવા પામેલ નથી. આમ અરજદારની માહિતી માંગતી વિગતો પ્રથમ દર્શીય રીતે આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) મુજબની જોગવાઈ હેઠળ ૪૮ કલાકની કક્ષાની હોવાની જણાતી નથી. આમ અરજદારે આરટીઆઈ ૧૨ કલાકની માહિતી સંદર્ભે કરેલી અપીલ અરજી કાયદા સાથે સુસંગત ન હોઈ અપીલ અરજી દફતરે કરવા પાત્ર થાય. તેમજ આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે ત્યારે દિન–૩૦ ની અવધિમાં અથવા મળેલ માહિતિના કિસ્સામાં મળ્યા તારીખથી દિન–૩૦ ની અવધિમાં કલમ–૧૯(૧) હેઠળ પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન્ન થયે જ અપીલ કરવાની રહે છે તેથી તે અંગે અરજદારે સમય અવધિ પહેલા અપીલનું કારણ ઉત્પન્ન થતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અંગે ૧૨ કલાકમાં માહિતી આપવાની જોગવાઈ જણાવી અરજદારે સમય અવધિ પહેલા તા.૨–૪–૧૧ ના રોજ કરેલ અપીલ અરજી આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) મુજબની જોગવાઈ અનુસાર ૪૮ કલાકમાં માહિતી આપવાપાત્ર કક્ષાનો કેસ હોવાનું પુરવાર કરવામાં અરજદાર સફળ રહેલ ન હોઈ તેમજ આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ સમય અવધિ પહેલા કરેલ અપીલ અરજી અંગે કોઈ અપીલનું કારણ ઉત્પન્ન થતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા